## અગત્યતા

! ચેરના વૃક્ષો હવાઈમૂળ દ્વારા જમીનનાં બંધારણ તથા જાળવણીમાં અગત્યનો ભાગ ભજવે છે.

! મેન્ગ્રોવ્સનાં જંગલો સુનામી તથા વાવાઝોડાંનાં સમયે કાંઠાળવિસ્તારતથા વસાહતોનું સક્ષમ રીતે રક્ષણ કરે છે.

! ચેરનાં લાકડાનો ઉપયોગ બળતણ તરીકે, ઘર બનાવવામાં તથા સાજસજાવટ વસ્તુઓના નિર્માણમાં થાય છે.

! ચેરનાં લાકડાં ફૂગ તથા અન્ય પરજીવીઓ સામે પ્રતિકારકતા ધરાવે છે જેથી તેનો ઉપયોગ જલાચ્છાદિત જેટીઓ તથા હોડીઓની બનાવટમાં બહોળા પ્રમાણમાં થાય છે.

! ચેરમાંથી ઉત્પાદીત કોલસો ઉત્તમ ગુણવત્તા ધરવે છે તથા બળતણ તરીકે બોઈલર કે રેલ્વેમાં કરી શકાય છે.

! ચેરનાં પાંદડાને યોગ્ય પ્રક્રિયા બાદ ઢોરઢાંખરને ખોરાક તરીકે આપી શકાય છે.

! ચેરનો અર્ક ખાસ પ્રકારનાં રસાયણોની હાજરીને કારણે રક્તપિત્ત,એઇડ્સ તથા અનેક વાઇરસજન્ય રોગો સામે રક્ષણ પુરું પાડે છે તથા આ દિશામાં અનેક સંશોધનો પણ કાર્યરત છે.

! ચેરનું પરીસરીયતંત્ર અસંખ્ય ફળફૂલો તથા જીવોનું આશ્રયસ્થાન છે.

! ચેરનું પરીસરીયતંત્ર એક્વાકલ્ચર ઉદ્યોગને બચ્ચા પુરા પાડે છે જેનું સંવર્ધન કે ઉછેર કુદરતી કે કૃત્રિમ જળાશયોમાં કરી શકાય છે.


! ચેરનાં પરીસરીયતંત્રો સૌથી વધારે ઉત્પાદનક્ષમતા ધરાવે છે જે ઘણાં મોટા પ્રમાણમાં જૈવવૈવીધ્યતા ધરાવતા જૈવીક તંત્રનું નિર્માણ કરે છે.

! આ ઉપરાંત માછલીઓ, જીંગા, કરચલાઓ, મુદુકાય તથા અન્ય સેંકડો પ્રકારનાં જીવોનાં પ્રજનન તથા પ્રારંભીક તબક્કાઓ જેમાં માછલીનાં નાના ઈંડા તથા બચ્ચાઓ માટે યોગ્ય વસવાટ તથા ખોરાક પુરો પાડે છે.

! ચેરનાં જંગલો કુદરતી “વોટર ફિલ્ટર પ્લાન્ટ”ની જેમ કાર્ય કરે છે. તેનાં વિશાળ ફેલાયેલાં હવાઈ મૂળો દ્વારા તે પાણીમાંના કાંપને જકડી પાણીમાં ડહોળાસ અટકાવે છે. આ ઉપરાંત તે પાણીનાં ઝેરી તથા અનિચ્છનીય તત્વોને શોષી દરિયાઈ જીવો તેમજ જળાશયોની જાળવણી કરે છે.

# ચેર પરીસરીયતંત્ર

# (MANGROVE ECOLOGY)





UNEP-WCMC


સંકલન :
પ્રો. ટી. એચ. દવે,
પ્રો. બી. જી. ચુડાસમા,

# ચેર પરીસરીયતંત્ર

માનવસમુદાય તથા સમુદ્ર -જીવસૃષ્ટિ બંને આશીર્વાદરૂપ એવા ચેરનાં જંગલો ભાંભરા પાણીના કાદવકીચડ વાળા વિસ્તારમાં જોવાં મળે છે. ગુજરાત ખાતે ૯૧૧ વર્ગકિલોમીટરમાં ફેલાયેલાં કે જે કુલ ભારતનાં મેન્ગ્રોવ્સ વિસ્તારના ૨૦% થાય છે તથા જેનું પર્યાવરણ તથા ફીશરીઝ ક્ષેત્રે આગવું સ્થાન છે. ચેર જંગલોનું પરીસરતંત્ર વાતાવરણીય તથા સ્થાનિક પરિબળોને કારણે અદ્દભૂત ભિન્નતા તથા વિશિષ્ટતા દર્શાવે છે. ભારતમાં કુલ ૧૩ જાતો ઉપલબ્ધ છે જે પૈકીની ૧૧ જાતો ગુજરાતમાં છે. ગુજરાતમાં કુલ વિસ્તારના ૯૦% કચ્છ તથા જામનગર જિલ્લામાં ફેલાયેલ છે. ચેરનાં જંગલો દેશનાં સર્વાંગી વિકાસ માટે અતિ અગત્યનો ભાગ ભજવે છે. ચેરનો સમાવેશ સપુષ્પ વનસ્પતિમાં થાય છે જે દરિયા તથા નદીનાં સંગમસ્થાન જેને ખાડી કે એસ્ચ્યુરી કહેવામાં આવે છે. આ ભાગમાં પાણી ખરું તથા અનેક ખનીજો, ક્ષારો તથા પોશાક્દ્રવ્યોથી ભરપુર હોય છે. એ પ્રદેશો ઘણી પ્રતિકુળ પરિસ્થીતીઓ ધરાવે છે જેમાં શ્વસનવાયુની અછત, સતત બદલાતું પાણીનું સ્તર તથા ખારાશ, ઘનત્વ, ડહોળાસ તથા માનવસર્જિત પરિવર્તનો મુખ્ય છે. આવી પ્રતિકુળ પરિસ્થિતિમાં જીવન ટકાવી રાખવાં ચેરનાં વૃક્ષો ઘણાં અનુકુલન ધરાવે છે.તેમાંના મુખ્યમાં નીચેનાં મુદ્દાઓનો સમાવેશ થાય છે.






૧. ચેરનાં વૃક્ષો શ્વસનમૂળો ધરાવે છે જે અલ્પપ્રમાણમાં પ્રાપ્ય પ્રાણવાયુ સીધો જ વાતાવરણમાંથી મેળવે છે. એ ઉપરાંત તે કાદવમાં પણ વૃક્ષને સ્થીત રાખે છે.

૨. ચેરનાં વૃક્ષો વધારાની ખારાશ પોતાનાં મૂળ તથા પાંદડાની સપાટી દ્વારા નિષ્કાસિત કરી શકે છે.

૩. ચેરનાં વૃક્ષોમાં પ્રતિકુળ પરિસ્થિતિમાં બીજાંકુરણ માટે બીજમાં ખોરાકનો સંગ્રહ કરે છે તથા અમુક જાતિઓમાં બીજ પરિપક્વ થાય ત્યાં સુધી પોષણ મેળવે






છે તથા છે તથા સાનુકુળપરિસ્થિતિનું નિર્માણ થતાં મુખ્ય વૃક્ષથી અલગ થઇ પાણીમાં નવા છોડની સ્થાપના કરે છે.

૪. ચેરનાં વૃક્ષમાં પાણીનું બાષ્પીભવન અટકાવવા ખાસ પ્રકારનાં જાડા પણ હોય છે જે મીણ જેવા પાતળા આવરણથી ઢંકાયેલા હોય છે.

૫. ઘાસચર પ્રાણીઓથી બચવા તેના પર્ણોમાં ટેનિન તથા અન્ય ઝેરી રસાયણો હોય છે.

<u>ગુજરાતમાં પ્રાપ્ય મુખ્ય મેંગ્રોવની જાતો</u>

<u>એવીસેનિયા મરીના</u>



<u>એવીસેનિયા ઓફીસીનાલીસ</u>



<u>રીઝોફોરા મુક્રોનાટા</u>

